## આયતુલ્લાહ અલ ઉઝ્મા શેખ બશીરહુસૈન નજફીના સુચનો

- તે લોકો કે જેઓ ઈમામ હુસૈન(અ.સ.)ની સેવા કરવા ઇચ્છે છે, તેઓ એ ખાલીસ દિલથી અલ્લાહની કુરબત હાસિલ કરવા માટે સેવા કરવી જોઇએ.
- પોતાની નમાઝોને સમયસર પઢે કારણ કે ઈમામ હુસૈન(અ.સ.)એ પોતાની કુરબાની આ માટે જ આપી છે અને વાજીબ કામોને મુસ્તહબ કામો પર પ્રાથમિક્તા આપે.
- દુઃખ અને ગમનો માહોલ બનાવે અને હસવું અથવા પોતાના દાત દેખાય તે રીતે મુસ્કુરાવવું નહી.
- પોતાની સફર દરમીયાન ''સુબ્હાનઅલ્લાહ, લા એલાહ ઈલ્લલ્લાહ અને અલ્લાહો અકબર'' પઢતા રહે. આ સૌથી બેહતરીન ઝિક્ર છે. ''તો તમારા પોતના માટે (આખેરત)ની જોગવાઇ કરો. ખરેખર આ જોગવાઇ પોતાની રક્ષા માટે છે'' (સુ. બકરહ:૧૯૭), જેવી રીતે કુરઆન, દુઆ અને ઝિયારત.
- ખાવા-પીવાની સામગ્રી વેડફે નહી. કાફલના સરપરસ્ત તેનું ધ્યાન રાખે અને મુસાફરોએ પણ આ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઇએ.
- આ પવિત્ર શહેરની સાર્વજનીક જગ્યાની સફાઇનો ખયાલ રાખે.
- ઈમામ અલ-મહદી(અ.ત.ફ.શ.)ની તરફથી ઝિયારત પઢવાનું યાદ રાખે અને આપ(અ.ત.ફ.શ.)ના જલ્દી ઝુહુર માટે દુઆ કરે.

### અગત્યના સંપર્ક નંબરો :

| | |
|---|---|
| ઈમરજન્સી પરિસ્થિતી માટે | ૧૦૪ |
| ખોવાયેલ વ્યક્તિ માટે | ૦૭૮૦ ૧૩ ૦૦ ૫૬૧ |
| દીની (ધાર્મીક) પ્રશ્ન માટે | ૦૭૮૧ ૪૬ ૫૧ ૩૫૩ |
| કાર્યાલય કેન્દ્ર | ૦૭૮૦ ૧૦ ૦૪ ૭૫૮ |

**ઈમામ હુસૈન(અ.સ.) સુધી ચાલીને જવાનો પ્રયાસ એક કરવા લાયક અનુભવ છે.**

વધુ માહિતી માટે :
**www.walktokarbala.com**
**www.facebook.com/walktokarbala**
આયતુલ્લાહ શેખ બશીરહુસૈન નજફીની નીગરાનીમાં ચાલતો પ્રોજેક્ટ

**મહેરબાની કરીને આ માહિતી પ્રત્રીકાનો ખયાલ રાખે કારણ કે આમા અલ્લાહ અને અઈમ્મમા(અ.મુ.સ.)ના નામો છે.**

**હઝરત ઈમામ જાફરે સાદિક(અ.સ.)એ ફરમાવ્યુંઃ**

અગર અમારો કોઇ શિયા ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત માટે જાય છે, તો તેના પાછા ફરવાના સમય સુધીમાં તેના દરેક ગુનાહ માફ કરવામાં આવે છે. તેના અથવા તેની સવારીના દરેક કદમ જે ઝિયારત તરફ લઇ જાય છે, તેના માટે ૧૦૦૦ સવાબ લખવામાં આવે છે, તેના ૧૦૦૦ ગુનાહ માફ કરવામાં આવે છે અને તેના ૧૦૦૦ દરજજા બુલંદ કરવામાં આવે છે.

(બેહારૂલ અન્વાર, ભાગઃ ૧૦૧, પેજ નં. ૨૫, હદીસઃ ૨૬)

# ઈમામ હુસૈન

(તેમના પર દુરૂદો સલામ થાય)

**ની ઝિયારત માટે ચાલીને જવાવાળાઓ માટે એક માહિતી સભર પુસ્તીકા**

લાખો લોકો ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત માટે કરબલા તરફ ચાલીને જઇ રહ્યા છે. શું આપ તેઓમાં શામિલ થવા ઇચ્છો છો? આપ નજફથી કરબલા સુધીની આ મહત્વપૂર્ણ સફરમાં કેવી રીતે શામિલ થઇ શકો છો તે સમજવા માટે વાંચો...

## અંદાજીત સફર :

- કુલ અંતર : ૮૦ કી. મીટર
- કુલ પોલ : ૧૪૫૨
- બે પોલ વચ્ચેનું અંતર : ૫૦ મીટર (૨૦ પોલ = ૧ કી. મીટર)
- અંદાજીત ચાલવાનો સમય : ૨૦ થી ૨૫ કલાક
- અંદાજીત ચાલવાના દિવસ : ૨ થી ૩ દિવસ
- સફર શરૂ કરવાનો યોગ્ય સમય : ૧૬ સફર
- સફર પુરી કરવાનો અંદાજીત સમય : ૧૮ સફર
- કોણ મુસાફરી કરી શકે છે? : દરેક (પુરૂષ/સ્ત્રી/બાળકો/પરિવાર સાથે)

## સુચના

ઈમામ અલી(અ.સ.)ના રોઝાનો દરવાજો બાબુલ સા'આ (ઘડીયાળી દરવાજા)થી બહાર નીકળીને ઈમામ ઝૈનુલ આબેદીન(અ.સ.) રોડ અથવા ઈમામ જાફર સાદિક(અ.સ.) રોડ પર સીધા ચાલવાનું શરૂ કરે. આ રસ્તો આપને સીધો રાજમાર્ગ/હાઈ-વે પર લઇ જશે. ત્યાંથી આપ જમણી બાજુ વળો, તમને કરબલા ચાલીને જવાવાળા હજારો લોકો મળશે. આ તે લોકોના ગૃપ સાથે ચાલવાનું ચાલુ કરો, જે આપને લગભગ ૭૫ કી.મીટરના અંતર પછી પોલ નંબર ૧૪૫૨, હઝરત અબ્બાસ(અ.સ.)ના રોઝા સુધી પહોંચાડી દેશે.

## ચાલીને જવાનો સમય/રીતને લગતા મુદ્દાઓ:

- ફઝ્ર પછી ચાલવાનું ચાલુ કરે અને મગરીબ પછી આરામ કરે.
- પહેલી રાત હુસૈની કેમ્પ પોલ નં. ૫૦૦ આસ-પાસ અને બીજી રાત હુસૈની કેમ્પ પોલ નં. ૧૦૦૦ આસ-પાસ પસાર કરે.
- અંદાજે ૧૦૦ પોલનું અંતર પસાર કરીને ૫ પી ૧૦ મીનીટ આરામ કરે અને ફરી પોતાના પરિવાર, દોસ્તો અથાવ ગૃપની સાથે થઇ જાય.
- મુસાફરી દરમીયાન પોતાને વધુ તકલીફમાં ન મુકે અને જરૂરીયાત મુજબ આરામ જરૂર કરે.
- મગરીબના સમયે પોતાના સુવા માટે કોઇ એક હુસૈની કેમ્પમાં જગ્યા મેળવી લે, જે ત્યાં વધારે સંખ્યામાં છે અને તમને કોઇ જાતની ચીંતા ન હોવી જોઇએ.
- ભીડમાં ખોવાયેલા લોકોને ગોતવા માટે પોલ નં. ૭૨, ૩૩૫, ૬૦૨, ૧૧૦૩ અને હઝરત અબ્બાસ(અ.સ.)ના રોઝા પર ખાસ જગ્યા છે. દરેક ૩ કી.મીટરે રીપોર્ટીંગ કેન્દ્ર છે.

## પોતાની સાથે શું સામાન લઈ જાય?

- કોશિશ કરે કે પોતાની સાથે સામાનનો વધારે ભાર ન હોય, ખાવા-પીવાની કોઇ સામગ્રી ન લે કારણકે કે રસ્તામાં તે વધારે પ્રમાણમાં મળી રહે છે.
- ૨થી૩ દિસ માટેની પોતાની જરૂરી દવા લે. રસ્તામાં વધારે પ્રમાણમાં કલીનીક અને મેડીકલ હોય છે.
- હાથમાં રાખવાના બેગ અને સ્ત્રીઓ પર્સના બદલે કમરમાં રાખવાના બેગ લે.
- ઠંડીથી બચવા માટે ગરમ કપડા જેમ કે, હાથના મોઝા, પગના મોઝા, ટોપી, જેકેટ અને કાન ઢાંકવા માટેના કપડા જરૂર લે.
- અગર આપને ચેહરા પર ખંજવાળ આવતી હોય તો તેનું ક્રિમ જરૂર સાથે રાખે.
- પોકેટ સાઇઝ કુરઆન, દુઆ,ઝિયારતની કિતાબ રાખે, અગર મોબાઇલમાં આ વસ્તુઓ ડાઉનલોડ કરેલી હશે તો સારૂ રહેશે જેથી તમે ચાલતી વખતે સાંભળી શકો અને પઢી શકો.
- નવા અને વજનદાર પગરખા (શુઝ)ની જગ્યાએ હળવા, જુના અને આરામ દાયક શુઝ પહેરે.
- પાસપોર્ટ, મોબાઇલ અને ચાર્જર સાથે રાખે.

## મહત્વના મુદ્દાઓ :

- દરેક સુવિધાઓ જેમ કે, રોકાવવું, ખાવું-પીવું અને જરૂર લાગે તો માલીશ કરાવવું મફતમાં છે. તમારે વધારે પૈસા સાથે રાખવાની જરૂર નથી સિવાય કે આપ હુસૈની કેમ્પમાં દાન કરવા ઇચ્છો.
- બાથરૂમ-ટોઇલેટ રસ્તામાં દરેક જગ્યાએ મળશે અને કેમ્પમાં વેસ્ટર્ન (ઇંગ્લીશ) ટોઇલેટ પણ મળશે.
- આપ અંતર પુરૂ થવાની ચીંતા ન કરો. અગર તમને સફર દરમીયાન એવું લાગે કે તમે ચાલી નહી શકો તો આપ ત્યાં હાજર રહેલી વેન, કાર, બસ વિગેરેમાં કરબલા જઇ શકો છો જે ત્યાં હજારોની સંખ્યામાં હોય છે.
- ૧૦ વર્ષથી વધારેનો એક સામાન્ય માણસ ૯૯.૯૯% સફરના ત્રીજા દિવસે કોઇ પણ તકલીફ વગર સફર પુરી કરી શકે છે.
- કરબલામાં પોતાની હોટલનું નામ અને એડ્રેસ સાથે રાખે.
- અગર તમે ફોન કરવા ઇચ્છતા હો તો, ફઝ્રથી પહેલા કરો કારણ કે દિવસના સમયે નેટર્વ વધારે પ્રમાણમાં વ્યસ્ત હોય છે.